## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, આધારકાર્ડ, પાનકાર્ડ, અમૃતમ કાર્ડ... બધા કઢાવી લીધા, હવે કંઈક નવું કાર્ડ કાઢવાનું લાવો તો અમને કાંઈક તો ટાઈમ પાસ થાય...

# કોલવડા ગ્રામ પંચાયતના તલાટી સાત હજારની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી રૂ.૭ હજારની લાંચ લેતા રંગેહાથ એસીબીના સકંજામાં સપડાયા છે. કોલવડાના તલાટી કમ મંત્રી રણવીરસિંહ દિલિપસિંહ રાણાને ગાંધીનગર કોર્ટના ગેટ નં-૨ ની સામે માર્ગ પર છટકુ ગોઠવી રૂપીયા લેતા એસીબીએ પકડી પાડ્યા છે.

ઘટનાની મળતી વિગત મુજબ ફરીયાદીના કુટુંબીઓની વારસાઈ કરાવવાની હોવાથી તે અંગેનું પેઢીનામું તૈયાર કરવા માટે તલાટીને મળ્યા હતા. જે કામ માટે તલાટી રણવીરસિંહે ફરીયાદી પાસે રૂ.૧૦ હજારની માંગણી કરી હતી. જો કે રકઝકના અંતે ૭ હજાર રૂપીયા નક્કી થયા હતા. જો કે ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેઓએ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબીગાંધીનગર એકમના ઈન્ચાર્જ મદદનીશ જી.વી.પઢેરીયાના સુપરવિઝનમાં ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એન.પટેલે ટીમ સાથે છટકું ગોઠવ્યું હતું. જેમાં તલાટી ગાંધીનગર કોર્ટ સામે જાહેર રોડ પર લાંચ લેતા રંગે હાથ પકડાઈ ગયા હતા. મુળ પીપળજના ગામનો આરોપી રણવીરસિંહ દિલિપસિંહ રાણા સેકટર-૩ એ પ્લોટ નં. ૧૨૦૭-૧ ખાતે રહે છે. દિવ્યાંગ તલાટી રણવીરસીંહ છેલ્લા દોઢ વર્ષથી કોલવડા ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતો હતો. કોલવડાના તલાટી લાંચ લેતા ઝડપાયાની વાત વાયુવેગે ફેલાઈ જતા તલાટી આલમમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ત્યારે એસીબીની ટીમે તલાટી ની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં ઠંડી યથાવત પારો ૧૬ ડિગ્રીએ

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ઠંડી ક્રમશઃ વધી રહી છે. ગઈકાલે ૧૫.૫ ડિ.સે. સાથે ગાંધીનગરમાં સૌથી વધુ ઠંડી રહી હતી. આજે નજીવા વધારા સાથે ઠંડી યથાવત રહેવા પામી છે.

ઠંડીની સીઝન વિધિવત રીતે શરૂ થઈ ગઈ છે. ઠંડીનો ચમકારો દેખાતા હવે વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં જોવા મળી રહ્યા છે. તાપમાન ગગડી રહ્યું છે. લઘુત્તમ તાપમાન ગઈકાલે ૧૫.૫ ડિ.સે. નોંધાયુ હતુ જે રાજયમાં સૌથી ઓછું રહ્યું હતું. આજે પણ શહેરમાં ઠંડી યથાવત રહી છે. લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે. દિવસે તડકો પડતા હજુ ગરમી અનુભવાય છે પરંતુ સાંજ પછી ઠંડીનો ચમકારો દેખાવો શરૂ થાય છે. લઘુત્તમ તાપમાનનો પારો નીચો રહેવા છતાં હજુ હાડ થીજવી નાંખે તેવી ટાઢ પડતી નથી. પવન સાવ બંધ હોવાથી ઘરના બારી બારણા બંધ રાખવાથી રાહત રહે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ડિસેમ્બર માસના પ્રારંભે ઠંડીનો કોપ વધી શકે છે. આ વર્ષે વરસાદ વધુ પડયો હોવાથી ઠંડીની અસર પણ વધુ રહેશે.

# ચંદ્રાલા પાસે માર્ગ ઓળંગતી વખતે બસની ટકકરે આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલા ચંદ્રાલા પાસે ગતરાત્રીના સમયે માર્ગ ઓળંગતી વખતે બસની ટક્કરે એક આધેડ વયના વ્યકિતનું મૃત્યું નિપજયું હતું. ચંદ્રાલેશ્વર મહાદેવ મંદિરની સામે બસની ટક્કરે માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઈજાગ્રસ્તનું ઘટના સ્થળે જ મૃત્યું થયું હતું. ભિલોડા થી જામનગર જતી બસને અકસ્માત નડ્યો હતો. બનાવને પગલે બસ મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નોંધાવેલી ફરીયાદ મુજબ કિરીટભાઈ રમણભાઈ પ્રજાપતિ (ઉં.વ.૪૩ પ્રજાપતિ વાસ ચંદ્રાલા)ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે અને પોતાના પરિવાર સાથે રહે છે. ગતરોજ રાત્રીના પોણા નવ વાગ્યાના સુમારે તેઓ ઘરે હાજર હતા તે સમયે તેઓને વાતોથી જાણવા મળ્યું હતુ કે ચંદ્રાલા ચંદ્રાલેશ્વર મહાદેવ મંદિર પાસે હિંમતનગર થી ચિલોડા જતા માર્ગ પર કોઈ અજાણ્યા શખ્સને એસટી બસના ચાલકે ટક્કર મારતા ઘટના સ્થળે જ વ્યકિતનું મૃત્યું નિપજ્યું હતું. હુ મારા ઘરેથી અકસ્માત જોવા માટે નીકળ્યો હતો તે સમયે નાગરીકોનુ મોટુ ટોળુ હતુ. જયારે અકસ્માત સર્જનાર બસ માર્ગ ની સાઈડમાં પડી હતી. જયારે મૃતકની બોડી પણ માર્ગ પર પડી હતી, તે સમયે લાઈટ કરીને જોતા તે ગામમાં રહેતો રાવળ રાવજીભાઈ સોમાભાઈ (ઉં.વ.૪૫, મુળ ગામ વરસળા તા.દેસર જી.વડોદરા) હતું. ચંદ્રાલા ગામે ચંદ્રાલેશ્વર મહાદેવ મંદિરની સામેની બાજુએ રાત્રીના પોણા નવ વાગ્યાના સમયે માર્ગ ઓળંગતા સમયે રાવજીભાઈને ભિલોડાથી જામનગર જતી બસ નં. જી.જે.૧૮.ઝેડ.-૩૧૯૫ના ચાલકે અડફેટે લેતા આધેડને શરીરે-માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યું નિપજ્યું હતું. જયારે બસનો ચાલક બસ મુકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે કિરીટભાઈની ફરીયાદ નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વરસોડા ખાતે ગુજરાતી ગીતોનો સંગીતમય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના વરસોડા ખાતે તાજેતરમાં નયન' નેશ્વર ગમતાનો કરીયે ગુલાલ અંતર્ગત પાંચમા મણકા સ્વરૂપે 'મોજમાં રહેવું' થીમ આધારિત પ્રહર વોરા અને સંપદા વોરાનો સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પસંદગીના ગુજરાતી ગીતો ઉપરાંત ડૉ. હરિવંશરાય બચ્ચનની કવિતાને નયન દવેની પરિકલ્પના અનુસાર અલગ રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહેમાન કલાકારો પંકજ ભટ્ટ અને નીરજ ભટ્ટે પણ પરફોર્મન્સ આપ્યું હતું. અને કાર્યક્રમનું સંચાલન તુષાર જોષીએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી કરવામાં આવ્યું હતું.




ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા બુધવારે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે ૬૬ માં અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે ગુજરાત રાજય સહકારી સંઘે ઉત્તમ કામ કરનાર નાગરિક સહકારી બેન્કોની શિલ્ડ હરિફાઈમાં ધી ગાંધીનગર નાગરિક કો ઓપરેટીવ બેંકને ઉત્કૃષ્ટ કામગીરી બદલ શિલ્ડ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યુ હતુ. નાગરિક બેંકના નવા વરાયેલા હોદેદારોએ હાજરી આપી હતી.

## સે-૨૮માં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે એડવાન્સ રાજયોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના ૪૦મા વાર્ષિકોત્સવ નિમિત્તે આયોજિત 'પારવારિક શાંતિ અને પરમાત્મ અનુભૂતિ' શિબિરનો મોટી સંખ્યામાં શહેરના શ્રોતાઓએ લાભ લીધો હતો. આ શિબિરના



સમાપને વકતા પૂ. ઉષા દીદીએ તા. ૨૨મી નવેમ્બર શુક્રવારથી દરરોજ સવાર ૭ થી ૮ અને રાત્રે ૮ થી ૯ કલાક દરમિયાન સે-૨૮માં ઈન્કવાયરી ઓફિસની બાજુમાં બ્રહ્માકુમારીઝના શિવશકિત ભવન ખાતે 'એડવાન્સ રાજયોગ શિબિર'ના આયોજનની જાહેરાત કરી હતી. જેમાં સામેલ થવા શહેરના નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવ્યુ હતું. આ સાથે તેમણે આ શિબિરમાં ભાગ ના લઈ શકનાર વ્યકિતઓ આજ સ્થળે સવારે ૮ થી ૧૧ અને સાંજે ૪ થી ૭માં અનુકૂળતાએ એક કલાક માટે આવી એડવાન્સ રાજયોગ કરી શકશે તેવું પણ જણાવ્યું હતું.

# જિલ્લામાં હડકવા વિરોધી રસી કે સારવાર બાદ દવાનો જથ્થો નથી : ચેરમેન આરોગ્ય સમિતિ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં હડકવા વિરોધી રસી કે કૂતરા કરડ્યા પછી સારવાર બાદ અપાતી દવાનો જથ્થો ઉપલબ્ધ નહિ હોવાનો ચોંકાવનારો ઘટસ્ટોફ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન નરેશ ઠાકોરે કર્યો છે.

આજે તેમણે જણાવ્યુ હતુ કે આ મુદ્દે ૧૫ દિવસથી જિલ્લાના આરોગ્ય અધિકારીનું ધ્યાન દોરી ફરિયાદો રજુ કરી છતાં પણ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

શિયાળાની ઋતુનું આગમન થઈ ચુકયુ છે અને કુતરૂ કરડવાની ઘટનાઓ ગ્રામ્ય વિસ્તારમાં વધી રહી છે છતાં તંત્ર દ્વારા કોઈ જ જરૂરી દવાનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે કામગીરી કરાઈ જ નથી. ગઈકાલે જિલ્લા આરોગ્ય સમિતિની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા થઈ હતી અને હવે તો આરોગ્ય અધિકારીએ ફોન ઉપાડવાના પણ બંધ કરી દીધા હોવાની વાત ચેરમેને કરી હતી.

ગઈકાલે આરોગ્ય સમિતિની બેઠકમાં જિલ્લામાં વાહકજન્ય રોગચાળો અને પાણીજન્ય રોગચાળા સહિતની સ્થિતિ વિશે ચર્ચાઓ થઈ હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

# સે-૨૧માં છ કક્ષાના સરકારી આવાસમાં છતમાંથી પોપડું પડ્યું

### આખો બ્લોક જોખમી હોવાનો રહીશોમાં આક્રોશ : અન્ય ઠેકાણે મકાન ફાળવવા માંગણી

સે-૨૧ માં છ કક્ષાના આવાસમાં છતમાંથી પોપડુ પડયુ હતુ. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. સેકટરમાં સરકારી બ્લોક ભયજનક આવાસમાં હોવાનો રોષ પણ ઠાલવ્યો હતો. જયારે અન્ય જગ્યાએ મકાન ફાળવવા માટે અરજી પણ વિભાગને કરી હોવાછતા રજુઆતને ધ્યાને લેવામાં આવતી ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે.

શહેરમાં મોટાભાગના સરકારી આવાસો રહેણાંકને લાયક નથી જયારે તંત્ર દ્વારા ભયજનક આવાસો તબક્કાવાર ખાલી કરાવી તોડવાનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. આ દરમિયાન કર્મચારીઓને ફાળવવા લાયક આવાસો પણ ઉપલબ્ધ નથી ત્યારે સરકારી આવાસોમાં જોખમી સ્થિતિ વચ્ચે પણ કર્મચારીઓનો વસવાટ યથાવત છે. સે-૨૧ માં છ કક્ષાના બ્લોક નં ૪૯ : ૪ માં આજે છતમાંથી મોટો પોપડો પડયો હતો. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. આ બ્લોકના રહીશોએ અગાઉ પણ તંત્ર સમક્ષ અન્ય ઠેકાણે આવાસ ફાળવવા માટે અરજી કરી હતી. જો કે નવા ઠેકાણે આવાસ ફાળવવામાં ન આવતા હજુ પણ જોખમી આવાસોમાં રહીશોનો વસવાટ યથાવત છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને યોગ્ય નથી જયારે દાયકાઓના અંતે જુના અને જર્જરિત આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં સરકારી આવાસમાંથી પોપડા પડવાનુ યથાવત છે. અગાઉ પણ સિલીંગમાંથી પ્લાસ્ટરનો પોપડો ખરતા છતમાં મોટુ ગાબડુ પડવાના લીધે રહીશોને ઈજા થવા પામી હોવાના પણ કીસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. હાલ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ માર્ગ મકાન વિભાગ પાસે રહેણાંકને લાયક આવાસો પુરતી સંખ્યામાં રહ્યા નથી જેના લીધે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આવા સંજોગોમાં જોખમી આવાસો ખાલી કરાવાની કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવતી નથી.





# ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા ડેપો મેનેજર એસ.પી.ને રજુઆત કરશે

### એસ.ટી. નિગમની જગ્યા ફાળવવા પણ તૈયારી છતા પોલીસ તંત્ર નિરસતા સેવી રહ્યુ હોવાનો સુર

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે લાંબા સમયથી કોઈ આયોજન થતુ નથી. ડેપો કક્ષાએથી સંકુલના ગેટ નં-૨ પાસે જગ્યા ફાળવવા પણ તૈયારી દર્શાવામાં આવી છે. આમછતા પોલીસ તંત્ર દ્વારા ડેપોમાં ચોકી શરૂ કરવાના મામલે રસ દાખવવામાં આવતો નથી. ત્યારે આ મામલે હવે ડેપો મેનેજર જિલ્લા પોલીસ વડા સમક્ષ રજુઆત કરશે

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. બસમાં ચઢતી ઉતરતી વખતે મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ તેમજ મોબાઈલ સેરવી લેતી ગેંગ અનેકવાર હાથ અજમાવી લેતા મુસાફરોમાં ભયની લાગણી વ્યાપી છે જયારે આ સ્થિતિ વચ્ચે શહેરના હાર્દસમાં વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં અનેકવાર પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. અનેકવારની રજુઆતના અંતે એસ ટી નિગમ દ્વારા પણ એસ ટી ડેપોના ગેટ નં-૨ પાસે ચોકી શરૂ કરવા માટે જગ્યા ફાળવવા માટે તૈયારી દર્શાવી છે. આમછતા હજુ સુધી ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થઈ નથી. બીજીતરફ જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે એસ ટી ડેપોમાં મુસાફરોના ખિસ્સમાં હાથફેરો કરી લેતા હોવાના કીસ્સાઓ પણ અનેકવાર પ્રકાશમાં આવે છે. ત્યારે એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી હોવાછતા હજુ સુધી આ મામલે કાંઈ થયુ નથી ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ નિગમ દ્વારા જગ્યા આપવાની તૈયારી દર્શાવાયા બાદ પણ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નિરસતા સેવાઈ રહી છે. આ માટે ગાંધીનગર એસ ટી ડેપોના મેનેજર આગામી દિવસોમાં જિલ્લા પોલીસ વડા સમક્ષ પોલીસ ચોકી શરૂ કરવા માટે રજુઆત કરશે.

# ઉત્કર્ષ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ગંભીર રોગો સામે રક્ષણ અને અવેરનેસ કાર્યક્રમ યોજાયો

છેલ્લા બે વર્ષથી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ગામોમાં ગુજરાત સ્ટેટ એઈડસ સોસાયટી અનુદાનિત લીંક વર્કર યોજનાની કામગીરી ચાલી રહી છે. ૧૦૦ ગામોમાં ૨૫ કાર્યકર્તાની ટીમ દ્વારા એચઆઈવી/એઈડસ, ઉત્સાહપૂર્વક થઈ રહી છે. છેવાડાના લોકોને સાચી માહિતી અને સમજ પહોચે તેઓ સરકારની આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લઈ શકે તેવા પ્રયત્નો ટીમ દ્વારા સતત ચાલી રહ્યા છે.



આ કાર્યક્રમમાં જાતીય જાતીય રોગો, ટીબી જેવા ગંભીર રોગો વિષયક જાગૃતિ લાવવા, સરકારની યોજનાઓ સાથે સંકલન, ટેસ્ટીંગ વગેરે કામગીરી અલગ અલગ માધ્યમો અને પધ્ધતિ દ્વારા ખૂબ જ ખંત અને જોખમી વર્તન ધરાવતા લોકો, સ્થળાંતરીત લોકો, કંપનીના શ્રમજીવી, ઝુંપડપટ્ટીના વસાહતી લોકો વગેરેને પધ્ધતિસર જ્ઞાન અને સમજ આપી અંદાજે ૪૦૦૦થી વધુ લોકોને આવરી લીધા છે.

આ કાર્યક્રમમાં સતત પ્રેરણા અને ઉત્સાહ પુરો પાડનાર કમલેશભાઈ મેસવાણીયા, જેડી-ટી.આઈ. અને વિક્રમસિંહ રહેવર, પીઓ-ટીએસયુ તેમજ જીસેકસ અનેટીએસયુના તમામ અધિકારી-કર્મચારીઓનું સતત માર્ગદર્શન, સહકાર અને પ્રોત્સાહન રહેલું છે.

સંસ્થાના પ્રમુખ વિરેન્દ્રભાઈ જાની, તમામ ૧૦૦ ગામોના હોદ્દેદારો, ગામમાં ફરજ બજાવતા કર્મચારીગણ હરહંમેશ ઋણ સાથે આનંદની લાગણી વ્યકત કરી રહ્યા છે.

## ગુજરાતમાં વસતી ગણતરીની પ્રથમ તબક્કાની કામગીરી મે-જૂન ૨૦૨૦થી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૦

ભારતની વસતી ગણતરી ૨૦૨૧ના પડઘમ વાગવાનો શુભારંભ થઈ ગયો છે. વસતી ગણતરી ૨૦૨૧એ ૧૮૭૨થી સળંગ શૃંખલામાં ૧૬મી અને આઝાદી પછીની ૮મી વસતી ગણતરી છે. ગુજરાતમાં આ વસતી ગણતરીનો શુભારંભના પ્રથમ તબક્કો મે-જુન-૨૦૨૦થી શરૂ થશે અને સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી ચાલશે. રાજયના ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકાઓમાં વસતી ગણતરીની કામગીરી હાથ ધરાશે. ગુજરાતમાં સૌ પ્રથમવાર વસતી ગણતરી માટે મોબાઈલ એપ્લિકેશનનો પણ ઉપયોગ કરવામાં આવનાર છે એમ વસતી ગણતરી કચેરીના નાયબ નિયામક ડૉ. સંચિતા સરકાર દ્વારા જણાવાયું છે.




## ગાંધીનગર શહેરમાં બાળદિન નિમિત્તે બાળરેલી

ગાંધીનગર શહેરમાં બાળદિનની ઉજવણી નિમિત્તે આજે એક બાળરેલીનું આયોજન કરાયુ હતુ. બાળ આયોગના ઉપક્રમે યોજાયેલ આ રેલીને મેયર રીટાબેન પટેલે પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ રેલીમાં શહેર પ્રાથમિક શાસનાધિકારી કિરણબેન પટેલ, બાળ આયોગના અધિકારીઓ તેમજ મેયર રીટાબેન પટેલ સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાના કર્મયોગીઓ અને આગેવાનો જોડાયા હતા.

## રવિવારે શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા. ૨૦

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન સમારંભ તા. ૨૪મી નવેમ્બરના રવિવારે સવારે સાડા નવ વાગે મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગલદાસ પ્રજાપતિ વિશ્રાંતિભવન ઉત્કઠેશ્વર મહાદેવ ખાતે યોજવામાં આવેલ છે. આજીવન દાતા બહેનોનુ તેજસ્વી તારલાઓનું ચંદ્રક અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવશે. તમામ દાતા બહેનો મહેમાનપદે બિરાજશે. કાર્યક્રમનું સંચાલન પણ બહેનો કરશે. સ્ત્રીસશક્તિકરણના કાર્યક્રમમાં બહેનોને પ્રોત્સાહિત કરવા જ્ઞાતિબંધુઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ જણાવેલ છે.

## શહેરમાં ફરતી અજાણી ૩ મહિલાઓથી સચેત રહેવુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના કેટલાક વિસ્તારોમાં ત્રણ મહિલાની ટોળકીએ તરખાટ મચાવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. માતાજીના નામે અને એક મહિલા સગર્ભા છે તેને ૧૫ વર્ષથી ખોળો ભરાયો નથી તેથી તે પુરૂષ પાસે પૈસા માગે છે. ખોળામાં રૂપિયા નાંખો અને માતાજી પાસે મુકીને તમને સાંજે પરત આપી જઈશુ તેમ મહિલાઓ કહે છે. ત્યારબાદ તમે તેની સામે જોવો અને ખીસ્સામાં હોય તેટલા રૂપિયા આપવા લાગો છો. તેવા બનાવ બન્યા છે. આ ઢગ મહિલા ટોળકીનું નિશાન નગરમાં અન્ય કોઈ ન બને તે માટે નાગરિકોએ સચેત રહેવાની જરૂર છે.